# પશુઓ પ્રત્યે પ્રેમ

**— કરસનદાસ લુહાર**


આ સાવ સાચી વાત છે. આલબેનિયા નામનો એક દેશ. એ દેશનુ સાવ નાનુ એવુ એક ગામડુ. એ ગામમા એક ડોશી રહે. કુટુબમા કોઈ કહેતા કોઈ નહીં. ડોશી એકલા જ નાના એવા ઘરમા રહે. ડોશીમા પાસે એક ગાય. ગાય સવાર–સાજ દૂધ આપે. ડોશીમા પોતાને ખાવા જોઈએ એટલુ દૂધ રાખે અને બાકીનુ વેચી દે. જે પૈસા આવે એમાથી અનાજ, તેલ, મરચુ, ગોળ વગેરે લાવે. આમ ડોશીમાનુ ગુજરાન ચાલે. ડોશીમા ગાયને બહુ સાચવે. સીમમા ચરાવવા પણ જાય. પોતે જ ખાવાનુ બનાવ્યુ હોય તેમાથી ગાયને પણ થોડુક ખવડાવે.

ડોશીમા સહુને કહેતા ફરે : ‘આ ગાય ન હોત તો હુ ભૂખી મરી ગઈ હોત ! ગાયે જ મને જીવતી રાખી, સુખી કરી અને હજી વધારે મને સુખી કરશે એવી શ્રદ્ધા છે!’

એકાદ વર્ષ પછી ગાય વિયાણી.....એને બે માથાવાળુ છતા દેખાવે ખૂબ સુદર વાછરડુ જન્મ્યુ. આવા બે માથાવાળા વાછરડાને જોઈ સૌને ભારે નવાઈ લાગી. લોકોના ટોળેટોળા આ વિચિત્ર વાછરડાને જોવા આવવા લાગ્યા. સૌ કહેતા : ‘આવુ વાછરડુ બચે નહિ. પણ બચી ગયુ. ડોશી ગાય જેટલુ જ વાછરડાને વહાલ કરે. પૂરેપૂરુ ગાયને ધવડાવે. વાછરડુ દિવસે દિવસે મોટુ થવા લાગ્યુ. હવે તો તે ગાય સાથે સીમમા ચરવા પણ જતુ હતુ.

ધીમે ધીમે કરતા આ બે માથાવાળા વાછરડાની વાત બધે ફેલાઈ ગઈ. છાપામા પણ વાછરડાનો ફોટો અને સમાચાર છપાયા. દેશ બહાર પણ આ વાછરડાની વાત પહોચી ગઈ. હવે તો બીજા દેશના લોકો પણ આ વાછરડાને જોવા આવતા હતા. બે માથાવાળા તદુરસ્ત, સુદર વાછરડાને જોઈ બધાને નવાઈ લાગતી. કેટલાક લોકો વાતો કરતા : ‘આ તો કુદરતની કમાલ છે ! ક્યારેક બે માથાવાળુ બાળક જન્મે તો પણ કઈ કહેવાય નહિ. વાત ફેલાતી ફેલાતી છેક અમેરિકા પહોચી ગઈ. ત્યાના પશુપાલન વિભાગના એક મોટા સાહેબ આ વાત

જાણી, તેમને થયુ આવુ વાછરડુ તો જોવુ જ જોઈએ., જેને બે માથા હોય ! એ જન્મી બચી ગયુ, મોટુ થયુ એ પણ નવાઈની વાત કહેવાય. એ સાહેબે પશુ–પાલન અગે નવુ નવુ સશોધન કરતા રહેતા હતા. તેથી તેમને આ વાછરડુ જોવાની પ્રબળ ઈચ્છા થઈ.



અને એક દિવસ એ મોટા સાહેબ છેક અમેરિકાના ન્યુયોર્ક શહેરથી ડોશીમાને ઘેર આવ્યા. ડોશીમા તો આભા થઈ ગયા. આવા મોટા માણસ વળી મારે ઘેર ક્યાથી ? આ તો મારી ગાય અને વાછરડાનો પ્રતાપ ! સાહેબ તો વાછરડાને ભારે નવાઈથી જોતા રહ્યા, વાછરડાને વ્હાલથી પપાળ્યુ. તેમને ગાય પણ ગમી અને વાછરડુ ગમી ગયુ. સાહેબે ગાય–વાછરડુ બનેને વેચાતા લઈ લેવા માટે ઈચ્છા દર્શાવી.

ડોશીમા કહે : ‘ગાય કે વાછરડુ કોઈને હુ વેચવા માગતી નથી. એ તો મારુ કુટુબ છે.’ સાહેબે ઘણુ કહ્યુ પણ ડોશીમા માન્યા નહિ. છેવટે સાહેબે એકલુ વાછરડુ વેચાતુ આપવા માટે ડોશીમાને આજીજી કરી. પરતુ ડોશીમાનો જીવ ચાલતો ન હતો. દીકરાની જેમ સાચવેલ વાછરડાને વેચાય કેમ ?

સાહેબ કહે : 'હુ વાછરડાને ખૂબ જતનથી સાચવીશ. એની ખાતરી આપુ છુ.' ત્યારે ડોશીમા માડ માડ તૈયાર થયા.

સાહેબે પચાસ હજાર ડોલરમા વાછરડુ વેચાતુ લઈ લીધુ. આટલા બધા પૈસા પોતાને મળશે એવી ડોશીમાને કલ્પના પણ ન હતી. ખરેખર ગાય અને વાછરડાના કારણે ડોશીમા પૈસાદાર થયા, સુખી થયા. ગામના લોકો પણ કહેતા થયા : ધન્ય છે ગાયને! ધન્ય છે બે માથાવાળા વાછરડાને! બાલદોસ્તો! આ સાવ સાચી વાત છે. કલ્પનાની સૂઝેલ વાર્તા નથી. પશુઓ પણ માણસને સુખ આપતા હોય છે. આપણે તમામ પશુઓ પ્રત્યે હમેશા પ્રેમ રાખીએ.

■